જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા..૮/૧૦/૨૦૧૫ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૨૦૨૪/૧૫

## રીઢા વાહનચોરને અને કડીમાં થયેલ ૩૫ લાખની લુંટના ગુનામાં વોન્ટેડ એવા આરોપીની ધરપકડ કરતી ક્રાઇમ બ્રાન્ચ

મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચની સુચનાથી પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એસ.એલ.ચૌધરીનાઓના માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર વિસ્તારમાં નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓને શોધવા સારૂં અનાર્મ હેડ કોન્સ સિધ્ધરાજસિંહ મહીપાલસિંહ તથા ટીમના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા તા.૭.૧૦.૨૦૧૫ ના કલાક ૨૦.૦૦ વાગે રીવરફ્રન્ટ દધીચી બ્રિજ નીચે આવતા મળેલ ચોકકસ બાતમી હકિકત આધારે સ્ટીફન ઉર્ફે રાજુરાજકુમાર ઉર્ફે સન્ની ઉર્ફે રોકી ઉર્ફે રાજન ડ/o સાયમન ડાબરે ઉ.વ.૪૧ હાલ રહે.ઓગણજ ગામ પાસે, બળીયાદેવ મંદીરની સામે, ઉમીયા વિજય સોસાયટી, રસીક પટેલના મકાનમાં, ઓગણજ, અમદાવાદ.મુળ વતન નિર્મલગામ, નાલાસોપારા પાસે, પો.સ્ટે.નાલાસોપારા, તા.વસઇ, જી.થાણે, મહારાષ્ટ્ર નાને ઝડપી પાડેલ જેની પુછપરછ કરતા સને ૨૦૧૪માં ફાયરીંગ કરી કડીના વેપારી પાસેથી ૩૫ લાખની રોકડની લુંટના ગુનામાં પોતાની અટકાયત ટાળવા નાસતો ફરતો હોવાનું જણાવતા સદરીને કડી પો.સ્ટે.ના ઉપરોક્ત ગુનામાં સોંપવાની કાર્યવાહી હાથ ધરેલ છે.

મજકુર આરોપીનો ગુનાહિત પુર્વ ઇતિહાસ જોતા અગાઉ ૫૦ જેટલા વાહન ચોરીના ગુન્હાઓમાં અમદાવાદ શહેર, વડોદરા, ભરુચ, વાપી, વલસાડ તેમજ મુંબઇ, પુના વિગેરે સ્થળોએ પકડાયેલ છે.તેમજ વાપીમાં અને પુનામાં બેંક લુંટના ગુનામાં પણ પકડાઇ ચુકેલ છે.મજકુર વિરુધ્ધમાં મહારાષ્ટ્રમાં મકોકા લાગુ કરવામાં આવેલ હતો.

ઉપરોક્ત કડી પો.સ્ટે.વિસ્તારમાં પોતે તથા પોતાના સાગરીતો સાથે મળી લુંટ કરવા સારૂં કલોલ તાલુકા પો.સ્ટે.વિસ્તારમાંથી બે મો.સા.ની ચોરી કરેલ હોવાની પણ કબુલાત કરેલ હોય જેથી તે ગુન્હાઓ સબંધે પણ જે તે પો.સ્ટે.ને જાણ કરવા તજવીજ કરવામાં આવેલ છે.

તેમજ કડી પો.સ્ટે.વિસ્તારમાં લુંટ કર્યા બાદ આરોપી ઉત્તરપ્રદેશના આઝમગઢ ખાતે નાસી ગયેલ જ્યાં ગોરખપુરથી તેણે એક સ્પ્લેન્ડર બાઇકની ચોરી કરેલ.તેમજ પોતાના યુ.પી.તેમજ બિહારના સાથીદારો સાથે મળી છપવા માં બેંકમાં રાતના સમયે ચોરી કરેલ તેમજ માલદા પાસે મુથુટ ફાયનાન્સમાં ચોરી કરેલ હોવાની કબુલાતો કરેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>વડોદરા શહેરમાં પારાપાન ગૃપ નામની ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના નામે ઓફીસ ખોલી એરટીકીટો સસ્તા ભાવે બુક કરાવવાની લાલચ રૂ. ૨,૧૧,૦૧,૦૦૦/- ની છેતરપીંડી ના ગુનામાં  નાસતા ફરતા આરોપીઓ પૈકી આરોપણ બાઇને  પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાંચ</u>**

નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાન્ચ તથા મ.પો.કમિ.શ્રી,આર.બી.પટેલ ,સાયબર ક્રાઇમ સેલ, ક્રાઇમ બ્રાંચ નાઓની સુચનાથી તેમજ પોલીસ ઇન્સપેકટરશ્રી વી.જે.રાઠોડ સાહેબના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇન્સ.શ્રી જે.એમ.જાડેજા નાઓ નાસતા ફરતા આરોપીઓ શોધવા માટે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે વડોદરા શહેર ડી.સી.બી. પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૧/૧૫ ઇપીકો કલમ ૪૦૬,૪૨૦,૪૬૭,૪૬૮,૧૨૦(બી),૧૧૪ મુજબના કામે નાસતા ફરતા આરોપીઓ પૈકી આરોપી મોનીકા સુર્યરાજ મારીયા ઉ.વ.૩૫ રહે. ૩૯૧/એ, બનીમંટપ, હનુમંતનગર,મૈસુર,કર્ણાટક નાને તા.૦૮/૧૦/૨૦૧૫ ના કલાક ૦૧/૩૦ વાગે પકડી અટક કરી વડોદરા શહેર ડી.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે સોંપવા તજવીજ કરેલ છે.

સદર આરોપણ બાઇ તેની ભાગીદાર અન્ય નાસતી ફરતી આરોપણ બાઇ પરોમીતા ચક્રવર્તી રહે. મુંબઇ સાથે પારાપાન ગ્રુપ નામથી એરટીકીટ બુકીંગની ઓફીસ ખોલી હજ- ઉમરાહ કરવા જતા હજયાત્રીઓની ટીકીટો બુક કરી પાછળથી તે કેન્સલ કરી રીફંડ મેળવી લઇ રૂ. ૨.૬૮ કરોડનું ફુલેકુ ફેરવેલ છે.

આરોપણ બાઇ મોનીકા સુર્યરાજ મારીયા અગાઉ સને-૨૦૦૮ માં મુંબઇ ખાતે ટી.વી.પ્રોડયુસર નીરજ ગ્રોવર ના ચકચારી મર્ડર કેસના ગુનામાં આરોપી તરીકે પકડાયેલ છે.

નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)